PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/કવા–૦૧/૧૭–૧૮/ ૫૬૩૫ તા. ૦૧/૦૭/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રામજીભાઈ લાલાભાઈ પરમાર,
C/O, હેમતભાઈ ભોલાભાઈ પરમાર,
ગામ: મોવાણ
તા. ખંભાળીયા,
જી: દેવભુમી દ્વારકા
મો: ૯૯૨૫૬ ૪૮૫૨૭

**વિષય :–[redacted] નવા ઘર લાઈટીગ વીજજોડાણ અંગે ની અરજી**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૮–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૮/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.- ૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[No. 02/A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૮/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૩૦–૦૬–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રામજીભાઈ લાલાભાઈ પરમાર, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

## : હુકેમ :

**ફરીયાદ : અમારા નવા ઘર લાઈટીંગ વીજજોડાણ અંગે ની અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના, ગામ:મેવાસા ની ગ્રામ પંચાયત ની હદ મા આવેલ સર્વે નંબર :૮૪ વાળી જગ્યા મા, બનાવેલ મકાન મા, માંગણી મુજબ નુ સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ તા.૦૯–૧૨–૧૫ ના રોજ રૂ.૪૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને કરાયેલ અરજી પરત્વે, પીજીવીસીએલ તરફથી કોઈ કાર્યવાહી કરવામા ન આવતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ; નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના, ગામ:મેવાસા ખાતે આવેલ જમીન, કે જે જમીન પર, અરજદાર શ્રી એ બનાવેલ મકાન મા, અગાઉ રૂ.૪૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને, તા.૦૯–૧૨–૧૫ ના રોજ સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ માંગેલ છે. અગાઉ સદર અરજી સાથે જોડેલ દસ્તાવેજીક પેપર્સ મા, '' સદર મકાન અરજદાર શ્રી નુ હોવા બાબતે ની '' પૂર્તતા દર્શાવતો પેપર ન હોવાના કારણોસર, અરજદાર શ્રી ને આજદિનસુધી સદર જોડાણ આપવાની કોઈ કાર્યવાહી, પીજીવીસીએલ તરફથી હાથ ધરી શકાયેલ ન હતી. |
| ૨.૨ | હાલ ના તબ્બકે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજદાર શ્રી – ગ્રામ પંચાયત ના તલાટી કમ મંત્રી શ્રી, તેમજ નિષ્પક્ષ સાક્ષી ની હાજરી મા, ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ના – મકાન ની – અરજદાર શ્રી ની જ માલીકી હોવા બાબતે ની – પૂર્તતા / ખાત્રી મેળવવા માટે નુ તા.૨૭–૦૬–૧૭ ના રોજ સ્થળ રોજકામ કરાયેલ હતુ. આ રોજકામ મુજબ, સદર મકાન અરજદાર શ્રી ની માલીકી નુ હોવા બાબતે ની સ્પષ્તા થયેલ છે. જેથી, હવે ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી અરજી, જે પીજીવીસીએલ ના નિયમાધીન મંજુરી ને પાત્ર ગણી અને મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લેવાયેલ છે. આમ, સદર મંજુરી સક્ષમ કક્ષાએથી મેળવી અને દિન–૧૫ મા, અરજદાર શ્રી નો, ટેલીફોન / મોબાઈલ દ્વારા સંપર્ક કરી, કચેરી મા રૂબરૂ બોલાવી, અને મંજુરી નુ ભાવપત્રક અરજદાર શ્રી ને રૂબરૂ આપી, અને તે મુજબ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની, સવાલવાળી અરજી હાલ ના તબ્બકે, પીજીવીસીએલ કક્ષાએથી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લેવાયેલ છે. જેથી, સદર અરજી ને, ત્વરીતે મંજુર કરી, અને દિન–૧૫ મા જ, અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ ના,નવા સીગલ ફેઇઝ ઘરવપરાશ વીજજોડાણ ની મંજુરી નુ ભાવપત્રક – જે અરજદાર શ્રી ને કચેરી મા રૂબરૂ બોલાવી – રૂબરૂ મા જ ભાવપત્રક આપી, અને તે મુજબ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની, ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ નિરાકરણ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.